ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૪-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ત્રીજા તબક્કાની એકાણું બેઠકો પર નિર્ણાયક મતદાન

ચૂંટણી જંગનો ટેઈક ઓફ ઘમો પ્રોત્સાહક રહ્યો છે. પ્રારંભિક બે તબક્કામાં છ-સાત બેઠકોની ચૂંટણીમાં પણ ધાર્યા કરતાં વધુ મતદાન થવા પામ્યું હતું. પરંતુ ત્રીજા ચરણની એકાણું બેઠકોમાં પ્રજાએ જે ઝનૂન સાથે મતદાન કરી અગાઉના વિક્રમો પાર કરી દીધા છે તેથી એટલું તો ચોક્કસ પણે કહી શકાય એમ છે કે પ્રજાનો મિજાજ લોકશાહી અધિકારો પ્રત્યે સાતમા આસમાને છે. બધા રાજકીય પક્ષો અને ઉમેદવારો પોતાનો ઘોડો વિનમાં હોવાનો દાવો કરતા ફરે છે પરંતુ તમામ હૈયે એક છૂપી ફડક છે. વિશેષ પણે સીટિંગ સંસદસભ્યો આવી ફડક વધુ પ્રમાણમાં અનુભવી રહ્યા છે. બીજી તરફ નરેન્દ્ર મોદી પ્રત્યે આંધળો વિશ્વાસ મૂકી દેનાર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો પોતાની જીત નિશ્ચિત સમજી રહ્યા છે. જો કે આ વખતે ચૂંટણી પંચે 'એક્ઝિટ પોલ' પર પ્રતિબંધ મૂકેલ હોઈ છેક છેલ્લે સુધી બધા રાજકીય પક્ષો મનફાવે એવા ગુબ્બારા ઉડાડતા ફરશે એ નક્કી છે. કેન્દ્ર સરકારનું ગુપ્તચર ખાતું અલબત્ત મતદાનનો ઝોક કોંગ્રેસ તરફી ઓછો હોવાનું તારણ દર્શાવતું હશે તેથી જ યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીએ ઢોળાઈ ગયેલા દૂધ પર આંસુ સારવાને બદલે બાકી રહેલી બેઠકો પર સારો દેખાવ કરવાની વ્યૂહરચના માટે તાબડતોબ વરિષ્ઠ નેતાઓની બેઠક બોલાવી છે. કોંગ્રેસ સત્તા બચાવવા બાવરી બની ગઈ છે, તેની પ્રતીતિ છે એની અધિકૃત વેબસાઈટ પર ભાજપ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની તસવીર સાથે રાજધર્મ પાળવામાં નિષ્ફળ નીવડેલા નરેન્દ્ર મોદીના હાથમાં દેશનું સુકાન ન સોંપી શકાય, એ મતલબનું લખાણ. હવે નરેન્દ્ર મોદી વિરુદ્ધ કોંગ્રસ, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી તથા ડાબેરીઓ અને બિનસાંપ્રદાયિકતાના મુદ્દે એકમેકની નજીક ગણાતા તમામ પક્ષો છેલ્લામાં છેલ્લી તાકાત લગાવી દેશે, એનો આ અણસાર છે. મોદીએ દરેક વિરોધી રાજકીય પાર્ટીને જમીનદોસ્ત કરવાના સોગંધ ખાધા લાગે છે. દિલ્હી અને બિહારમાં મોદીનું મોડું ફરી વળ્યું છે પણ બંગાળ હજી મમતાના કબજામાં છે. દક્ષિણમાં જયલલિતાની બોલબાલા છે અને કેરળમાં ભાજપને કોઈ જ તક મળે એમ નથી. અગાઉ મમતા બેનરજી માટે કૂણું વલણ ધરાવતા નરેન્દ્ર મોદી છેલ્લે એમના પર પણ તીખો હુમલો કરી ચૂક્યા છે. શરદ પવાર સાથે એમની છૂપી સાંઠગાંઠ હોવાની ચર્ચા થતી રહે છે, પરંતુ મહારાષ્ટ્રની સભાઓમાં મોદીએ શરદ પવારને બદનામ કરવામાં કોઈ જ કસર છોડી નથી. મોદી ભાજપના સર્વેસર્વા અને સરસેનાપતિ છે. જે કંઈ ચૂંટણીફંડ મળી રહ્યું છે તે એમના નામ પર મળી રહ્યું છે. વરિષ્ઠ નેતાઓએ એમની બિનશરતી શરણાગતિ સ્વીકારી લીધી છે પણ મોદી પક્ષ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની બહારનાં તત્વોને વધુ પડતું મહત્વ આપી રહ્યા છે એથી એ નારાજ છે. દેશનું અર્થતંત્ર જાણે બાબા રામદેવના માર્ગદર્શન મુજબ ચાલવાનું હોય એમ બાબા ભાવિ વડાપ્રધાનના ધર્મગુરુ તરીકે બેફામ નિવેદનો ભરડતા ફરે છે. મુરલી મનોહર જોષી જેવા સ્વમાની નેતાથી સહ્યું નથી જતું એટલે છાસિયું કરીને અટકી જાય છે. એ સાચું કે વિક્રમજનક મતદાન પાછળ નવા યુવા મતદારોનો ઉત્સાહ કારણભૂત છે. અલબત્ત, યુવાનોને આકર્ષવાનો પ્રયાસ મોદી ઉપરાંત કેજરીવાલ અને રાહુલ પણ કરતા રહ્યા છે. પરંતુ યુવા મતદારો મોદીના અંગત જીવનની વિવાદાસ્પદ બાબતો બહાર આવી રહ્યા પછી પણ રાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવા મથતા નિઃસ્વાર્થ વિકાસપુરુષની છબીથી વધુ અંજાયેલા છે, તે પણ કબૂલવું જ રહ્યું.



જેસીઆઈ ગાંધીનગર દ્વારા તાજેતરમાં સ્પીચ ક્રાફ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝોન પ્રેસીડન્ટ જેસી અશ્વિન ચંદારાણા સહિત જેસીઆઈ ગાંધીનગરના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.
(તસવીર : દિપક જાની)

## સિદ્ધાર્થ લૉ કોલેજમાં કાનૂની મદદ કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૧

શહેરના સેક્ટર-૧૬માં આવેલ સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે આજરોજ કાનૂની મદદ કેન્દ્રનો શુભારંભ સી.એચ. શાહ સેક્રેટરી, જિલ્લા ન્યાયાલય ગાંધીનગર અને એમ.એ. મિર્ઝા સિનિયર જજ અને અધ્યક્ષ કાનૂની સેવા સમિતિ ગાંધીનગરના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સામાજીક કાર્યકર સુધીર દેસાઈ, સંસ્થાના આચાર્ય, પ્રોફેસર ગણ, સ્ટાફ ગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




લગાવો આડેધડ નિશાન... હું કહું છું બે માંથી એક તો ચોક્કસ મરશે...!!!

# પ્રાથમિક શાળાના બાળકો માટેના રમત ગમતના ટ્રેક પર માધ્યમિક શાળાની સંભાવના

### સે. ૨માં જગ્યા અનામત હોવા છતાં સે. ૭ની પ્રાથમિક શાળાનું રમતના મેદાન પર બુલડોઝર ફેરવી માધ્યમિક શાળા માટે જમીન ચકાસણી કરાઈ : પ્રજાના નાણાંનો બેફામ દુર્વ્યય

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સેક્ટર-૭માં આવેલ સરકારી પ્રાથમિક શાળાના મેદાનમાં તંત્ર દ્વારા લેવાઈ રહેલા અણઘડ નિર્ણયોને કારણે નાણાનો દુર્વ્યય થઈ રહ્યો છે. તેમજ સેક્ટર-૨માં માધ્યમિક શાળા માટે અનામત જગ્યા હોવા છતાંય તંત્ર દ્વારા સેક્ટર-૭ની પ્રાથમિક શાળામાં જ માધ્યમિક શાળા બનાવવા આડોડાઈ સાથે જમીનની ચકાસણી શરૂ કરી દેવાતા વિરોધનો સૂર ઉઠાવવામાં આવેલ છે.

સેક્ટર-૭ની પ્રાથમિક શાળામાં હાલ માધ્યમિક શાળા ચલાવાઈ રહી છે. વળી, આ માધ્યમિક શાળાના બાળકો રમી શકે તે માટે જરૂરી સાધનો અને સ્કેટીંગ ટ્રેક તેમજ બાસ્કેટ બોલનું મેદાન વગેરે બનાવવામાં આવ્યા હતા પરંતુ સર્વ શિક્ષા અભિયાન દ્વારા આ મેદાનમાં બુલડોઝર ફેરવી દઈને મેદાન સહિત સાધનોને પણ ખેદાનમેદાન કરી દેવામાં આવ્યા છે. આ પ્રકારના અણઘડ વહીવટને કારણે માધ્યમિક શાળા દ્વારા મેદાન વિકસાવવા અને સાધનો વસાવવા કરાયેલ ખર્ચ માથે પડેલ છે.

આ ઉપરાંત સેક્ટર-૨માં માધ્યમિક શાળા માટે જમીન અનામત રાખેલ હોવા છતાં સે. ૭ની પ્રાથમિક શાળામાં જ ધરાર જમીન ચકાસણી હાથ ધરાઈ છે. તંત્રની આ પ્રકારની આડોડાઈને કારણે પ્રજાના નાણાંનો બેફામ દુર્વ્યય થઈ રહ્યો છે. હવે તો નગરજનોના મનમાં સવાલ ઉભો થયો છે કે એક જ મેદાનમાં સર્વ શિક્ષા અભિયાન દ્વારા રમતગમતના ટ્રેક બનાવવા અને એજ મેદાનમાં માધ્યમિક શાળાના મકાન માટે જમીનની ચકાસણી કરવી આ બેવડા ધોરણો દ્વારા તંત્ર શુ સાબિત કરવા માંગે છે? આ મેદાન સે. ૭ની પ્રાથમિક શાળાના બાળકો માટે છે કે માધ્યમિક શાળાના બાળકો માટે તેનો દૂરની વાત છે પણ હવે તો આ મેદાન સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રમતગમતના ટ્રેક માટે છે કે માધ્યમિક શાળાના નિર્માણ માટે તે સવાલ ઉભો થયેલ છે. શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા પ્રજાના નાણાનો દુર્વ્યય બાબતે વિરોધના સૂર સાથે નગરજનોને જાગૃત થવા હાંકલ કરાઈ છે.

## કડીમાં ઈનામ વિતરણ અને શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, એસ.વી. કેમ્પસ કડીમાં તા. ૪-૪-૨૦૧૪ને શુક્રવારના રોજ સમારંભના અધ્યક્ષ સંસ્થાના મંત્રી ડૉ. મણીભાઈ એસ. પટેલ, ડૉ. બાબુલાલ આર. પટેલ, જયંતિભાઈ પટેલની નિશ્રામાં ઈનામ વિતરણ તથા શુભેચ્છા સમારોહ યોજાયો.

શાળાના પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે મહેમાનશ્રીઓનો પરિચય અને સ્વાગત કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે છ સૂત્રો, વ્યસનમુક્તિ, યોગ, પ્રાણાયામ, ધ્યાનની સુંદર ચર્ચા કરી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. મણીભાઈ પટેલે વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃતિઓમાં મેળવેલ નંબરો પ્રમાણે ઈનામો, શિલ્ડ, ટ્રોફી, પુસ્તક, પ્રમાણપત્રો તેમના હસ્તે આપવામાં આવ્યા હતા. અને વધુ અભ્યાસની સાથે સંસ્કાર મેળવી આગળ વધવાની હિમાયત કરી હતી. ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓએ પ્રતિભાવો રજુ કર્યા હતા. સમગ્ર અહેવાલનું વાંચન વૈશાલીબેન, ઈનામ વિતરણ કાર્યક્રમ રાજેન્દ્રભાઈ અને વિષ્ણુભાઈએ સંભાળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ દિનેશભાઈએ કર્યું હતું અને આભારવિધિ અર્જુનભાઈએ કરી હતી.

## શહેરની વિધિ સંસ્થાઓ ડૉ. બાબા સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે

### ડૉ. આંબેડકરની ૧૨૩મી જન્મજયંતિ ઉજવાશે

ભારત દેશના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા ડો. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

દેશના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબની ૧૨૩મી જન્મ જયંતિ સમગ્ર દેશમાં મનાવવામાં આવશે. ત્યારે ગાંધીનગરની વીરમાયા સ્મારક સમિતિ, ગાંધીનગર વણકર સમાજ, ગુજરાત સામાજિક ન્યાય સંગઠન અમદાવાદ અને સેક્ટર-૩-ન્યુ વસાહત અનુસૂચિત જાતિ નિવૃત્ત કર્મચારી દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

ગાંધીનગર વણકર સમાજ દ્વારા બાબા સાહેબની જન્મ જયંતિ તા. ૧૪ એપ્રિલના રોજ વ્યસન મુક્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલીમાં સમગ્ર વણકર સમાજે ઘ-૦ સર્કલે સવારે ૮.૦૦ વાગે ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

ગાંધીનગર સેકટર-૩-ન્યુ વસાહતના અનુસૂચિત જાતિના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા તા. ૧૪ એપ્રિલે સોમવારે સાંજે ૭.૦૦ વાગે પ્લોટ નં. ૨૬૫ કોમન પ્લોટમાં સન્માન સમારોહ યોજવામાં આવશે. તેમાં નિવૃત્ત કર્મચારીઓએ સહ પરિવાર હાજર રહેવું.

જન્મ જયંતિ પ્રસંગે ગુજરાત સામાજિક ન્યાય સંગઠનના પ્રદેશ મંત્રી કે.આઈ. પટેલ, વીરમાયા સ્મારક સમિતિના ડી.પી. પરમાર, ગાંધીનગર વણકર સમાજના મુકેશકુમાર ભાખરિયાએ સમસ્ત વણકર સમાજ અને સંસ્થાના પદાધિકારીઓને હાજર રહેવા જણાવ્યું છે.

## જી.આઈ.પી.એસ. સ્કૂલ દ્વારા વિદેશ પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

જાણ્યા કરતા જોયું ભલુ... કહેવતને સાર્થક કરવા ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા દ્વારા વિદેશ પ્રવાસ યોજવામાં આવશે. જેમાં અન્ય સ્કૂલના વિદ્યાર્થીઓ પણ જોડાઈ શકે છે.

ગાંધીનગર શહેરની પાસે રાંધેજા ખાતે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા વિદેશ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાકિય પ્રવૃત્તિ અંતર્ગત સ્કૂલ દ્વારા સ્પેન અને સ્વિઝરલેન્ડ ખાતે પ્રવાસ યોજવામાં આવ્યો છે. આ વિદેશ પ્રવાસમાં અન્ય શાળાના વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ શાળાના દુર્ગેશ શર્માનો સંપર્ક કરવો.

## શાળામાં ગેરવર્તનને રોકવા સીબીએસઈ દ્વારા સર્વે શરૂ

અમદાવાદ, તા.૧૧

વધતા જતા મારામારી, ગેરવર્તન, રેગિંગ જેવા મુદ્દાઓથી માત્ર શાળાઓ માટે જ નહીં પરંતુ સીબીએસઈ માટે પણ ચિંતાનું કારણ બની રહ્યા છે ત્યારે હવે આવી ઘટનાઓને અટકાવવા માટે સીબીએસઈ દ્વારા શાળાઓમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ માટે સીબીએસઈ દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વહીવટી કર્મચારીઓને મળીને તેમનાં મંતવ્યો એકઠા કરશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશભરમાં પથરાયેલ સીબીએસઈ બોર્ડની શાળાઓમાં સમાજના ઉચ્ચવર્ગના લોકોના બાળકો અભ્યાસ કરતા હોય છે. આ સાળાઓને શિક્ષણની દ્રષ્ટિએ ઉચ્ચકક્ષાની ગણવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી સીબીએસઈ શાળાઓમાં વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી, ગેરવર્તન અને રેગિંગ જેવી ઘટનાઓ મોટાપાયે પ્રકાશમાં આવવા લાગી છે. જે શાળાનાં સંચાલકોની સાથે સાથે સીબીએસઈ માટે પણ ચિંતાનું કારણ બન્યું છે ત્યારે હવે આવી ઘટનાઓને અટકાવવા માટે સીબીએસઈ દ્વારા શાળામાં સર્વે કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અંગે સીબીએસઈના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે સર્વે કરવા માટે એક પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવી છે. જેના પર વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય અને વહીવટી સ્ટાફના કર્મચારીઓના મંતવ્યો લેવામાં આવશે. આ તમામ લોકો ઈ-મેઈલ દ્વારા પોતાના જવાબો સીબીએસઈને મોકલી શકશે. આ પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓને તેમનું નામ, શાળા, વિસ્તાર, ધોરણ, ઉંમર, જાતિ અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા છે સાથે જ આવી ઘટનાઓ અંગે તેઓ શું મત ધરાવે છે તે પણ પુછવામાં આવ્યું છે. આ સાથે પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓને પૂછવામાં આવ્યું છે કે તેમને કોઈ વખત શારીરિક, સાઈબર કે અન્ય પ્રકારના ગેરવર્તનનો સામનો કરવો પડ્યો છે? તેમણે પોતાના કોઈ સાથી વિદ્યાર્થી સાથે આવી ઘટના બનતા જોઈ છે? આ સાથે વિદ્યાર્થીઓ સામે આવી ત્યારે તેમણે કેવો પ્રતિકાર આપ્યો હતો.

# મતદાર જાગૃતિ લોકશાહીની ધરોહર: જાગૃત પગલા લાવે મતદારોનો મતદાન માટે ઉત્સાહ તાણી

**પ્રસંગસર**
પુલક ત્રિવેદી

ગુજરાત રાજયનાં મતદારો આગામી તા. ૩૦મી એપ્રિલનાં રોજ નૈતિક મુલ્યો સાથે તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. લોકશાહી શાસન વ્યવસ્થામાં તેમનું મહામૂલુ યોગદાન આપશે. મતદારોને જાગૃત કરવા માટે અને મતદાન માટે પ્રોત્સાહીત કરવાનો સંનિષ્ઠ પ્રયાસ જરૂરી છે. આ માટે ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર ગુજરાતના ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ કાર્યક્રમ યોજયા છે. મતદારોને મતદાનની પવિત્ર ફરજ નિભાવવા અંગે મતદાનના દિવસ સુધી મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો ચૂંટણી તંત્ર દ્વારા યોજવામાં આવી રહ્યાં છે અને મતદાનના દિવસ સુધી આવા કાર્યક્રમો યોજાતા રહેશે.

યુવા અને મહિલા મતદારો હજુ વધુ જાગૃત બને અને વધુ પ્રમાણમાં મતદાન માટે આગળ આવે એ સજાગ પ્રયાસો થાય એ જરૂરી છે. 'એકસકલુડેડ કોમ્પ્યુનીટી' એટલે કે મતદાનથી અળગા રહેતા લોકોનાં જૂથો, શહેરી અને ગ્રામ્ય મતદારો અને સ્થળાંતર કરનારા લોકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા કક્ષાએ ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. શેરી નાટક, પપેટ શો, મેરેથોન દોડ, લોક ડાયરા, સાંસ્કૃતિ કાર્યક્રમો, મોબાઈલ વાન, તથા સંકલ્પ પત્રના માધ્યમથી મતદારોની મોટા પ્રમાણમાં જાગૃતિ લાવવા માટે સફળ રહ્યા છે.

મતદારોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા માટે ભારતયી ચૂંટણી પંચ દ્વારા ત્રણ સ્ટેટ આઈકોન નિમવામાં આવ્યા છે. ભારતનાં ટેસ્ટ ક્રિકેટર ચેતેશ્વર પુજારાની નવ જેટલી કવીકી તૈયાર કરી દરેક જિલ્લાનો મોકલી આપવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ વખત સ્થાનિક નેટવર્ક કે દૂરદર્શન પર તે ટેલીકાસ્ટ કરવામાં આવી છે. આ ઉપરાંત શરમન જોશીની પાંચ કવીકી, અંકિતા રૈનાની મહિલા મતદારોની મતદાન માટે જાગૃતિ અંગેની ખાસ બે ક્વીકીનો પણ સમાવેશ થાય છે. ગુજરાતના પ્રત્યેક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને આ કિવકીનું સ્થાનિક કક્ષાએ પ્રસારણ કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

શહેરી વિસ્તારોમાં રેડિયો મીર્ચી, રેડિયો એફ.એમ. મારફતે અને આકાશવાણીના સહયોગથી મતદાર જાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રેડિયો મિર્ચીનાં પાંચ રેડિયો જોકીની ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ માટે રેડિયો બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં ધ્વનિત ઠાકર (અમદાવાદ), કુનાલ દેસાઈ (અમદાવાદ), નિશીત પારેખ (રાજકોટ), ક્ષિતીજ બેન્કર (વડોદરા), રાહીલ (સુરત)નો ગ્રાન્ડ એમ્બેસેડર તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રેડિયો એફ.એમ. માંથી દેવકી, ધ્રુમી અને શુભમની યુથ એમ્બેસેડર તરીકે ચૂંટણી તંત્ર દ્વારા નિમણૂંક કરવામાં આવી છે.

ભારતીય ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનાં આઈકોન તરીકે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, એમ.એસ.ધોની, સાયના નહેવાલ, મેરીકોમ અને પ્રસિદ્ધ ફિલ્મ કલાકાર આમિર ખાનની નિમણુંક કરવામાં આવી છે. તેના અનુસંધાને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ અને આમિર ખાન દ્વારા મતદાન કરવા માટે આપવામાં આવેલા સંદેશોઓને દૂરદર્શન અને રેડિયો ઉપરથી પ્રસારીત કરવામાં આવશે અને હોર્ડિંગ્સ-બેનર્સ મારફતે તેમની મતદાન માટેની અપીલ રજૂ કરવામાં આવશે.

મતદાર જાગૃતિ અંગેની ગુજરાતના ચૂંટણી તંત્રએ એક અનોખી કામગીરી કરી છે. નર્મદા જિલ્લામાં તાજેતરમાં મતદાર જાગૃતિ માટેનો એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારનાં મતદારો એમના નૈતિક મૂલ્યો સાથેનું મતદાન કરી શકે તે માટે સંકલ્પનાપત્રમાં સહિ ઝુંબેશ તાજેતરમાં કરવામાં આવી હતી. આ સહી ઝુંબેશ ૬૭,૦૦૦ કરતાં વધુ મતદારોએ સહી કરીને એક દિવસમાં સૌથી વધુ સહી સાથે સંકલ્પ વ્યકત કરવાનો વિશ્વમાં અનોખો દાખલો પ્રસ્થાપિત કર્યો છે. આ વિશિષ્ટ કામગીરીની નોંધ ગીનીસ બુક વર્લ્ડને મોકલવામાં આવી છે. યોગ્ય પેરામીટ્ર્સની ચકાસણી બાદ તેને ગીનીસ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળી શકે છે. પંચમહાલ જિલ્લામાં આદિજાતિ તેમજ સ્થળાંતરિત મતદારો મતદાન માટે અવશ્ય આવે તેના માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આવા મતદારો માટે રજીસ્ટરમાં નોંધણી કરી તેનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

કોલેજ અને શાળા કક્ષાએ એમ્બેસેડર નિમી તેમના દ્વારા મતદાન જાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે પૈકી કોલેજ કક્ષાએ ૬૦૭ જેટલા કેમ્પસ એમ્બેસેડર તથા શાળા કક્ષાએ ૨૪૯૭ જેટલા સ્કુલ એમ્બેસેડરની નિમણૂંક કરવામાં આવી છે. જેઓ દ્વારા ૧૮ વર્ષથી ઉપરનાં મતદારોની નોંધણી કરાવવા તથા મુલ્યનિષ્ઠ મતદાન કરાવવા અને તેમના માતા-પિતાને મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં નોંધપાત્ર ફાળો આપી રહ્યાં છે.

આર્થિક પ્રવૃત્તિ માટે સ્થળાંતર કરનાર મતદાર વર્ગ જે ઠેકેદાર (કોન્ટ્રાકટર) સાથે કામ કરે છે તેમના સંપર્ક કરીને મતદાનનાં દિવસે આ મતદારો મતદાન માટે અવશ્ય જાય એ માટે તેમની સાથે ચૂંટણી તંત્ર દ્વારા અસરકારક સંકલન કરવામાં આવ્યું છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો છે ત્યાં મતદાનથી અળગા રહેલા મતદાર સમૂહ અને આદિજાતિ વિસ્તારના એવા મતદાન મથકો કે જ્યાં અગાઉની ચૂંટણીમાં ખૂબ ઓછું મતદાન થયું છે તેવા વિસ્તારોમાં મતદાનની જાગૃતિ માટે નાટકો, પપેટ શો, રેલી ઉપરાંત મોબાઈલવાન મોકલીને ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આવા અભિયાનો પંચમહાલ, દાહોદ, બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં વિશેષ રીતે યોજવામાં આવી રહ્યાં છે. બનાસકાંઠા જિલ્લના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ગત માર્ચ મહિનાના બીજા સપ્તાહથી મતદાર જાગૃતિ સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે. આ સ્ટોલની અત્યાર સુધીમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના હજારો મતદારોએ મુલાકાત લીધી છે.

રાજમયાં પ્રથમ વખત મતદાર જાગૃતિ માટે સોશ્યલ મીડિયાનો ચૂંટણી તંત્ર દ્વારા અસરકાર રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સુત્રો, ટૂંકી વાર્તા, કાવ્યાત્મક સંદેશાઓ, કવીકી, કેરીકેટર, ઈન્ફોગ્રાફિક વગેરે સહિતની લગભગ ૧૭૦ જેટલા મતદાર જાગૃતિનાં સંદેશાઓ ફેસબુક (www.facebook.com/chiefelectoralofficergujaratstate) ટ્વીટર (www.twitter.com/CEOGujarat) યુટ્યુબ (www.youtube.com/CEOGujarat) વોટ્સ અપ વગેરે પર મુકવામાં આવ્યાં છે. જેને યુવા-મગિલા તેમજ વ્યવસાય કરતાં મતદારો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આગામી દિવસોમાં પણ હજુ પણ વધુ નવી રચનાઓને સોશિયલ મીડિયા મારફત મતદારો સુધી પહોંચાડવાનું સઘન આયોજન કરવામાં આવ્યું છે.

- કોલેજ કક્ષાએ ૬૦૭ કેમ્પસ એમ્બેસેડર અને શાળા કક્ષાએ ૨૪૯૭ સ્કૂલ એમ્બેસેડરની મતદાર જાગૃતિ માટે નિયુક્તિ
- સોશ્યલ મીડિયાનો ચૂંટણી પંચ દ્વારા પ્રથમ વખત કરાયેલો સફળ પ્રયોગ
- યુવા, મહિલા અને મતદાનથી અળગા રહેતા મતદારો માટે ગુજરાતભરમાં યોજાયેલા વિવિધ નવતર પ્રયોગો
- વિવિધ પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા ઈવીએમમાં NOTA નોટાનાં બટનના ઉપયોગ અંગેની અપાયેલી જાણકારી
- મતદારોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા માટે ચેતેશ્વર પૂજારા, શરમન જોશી અને અંકિતા રૈનાની સ્ટેટ આઈકોન તરીકે નિયુક્તિ
- નર્મદા જિલ્લામાં ૬૭૦૦૦ કરતાં વધુ મતદારોએ સહી કરીને એક દિવસમાં સૌથી વધુ સહી સાથે નૈતિક મૂલ્યો સાથે મતદાન કરવાનો સંકલ્પ વ્યકત કરવાનો વિશ્વમાં અનોખો દાખલો પ્રસ્થાપિત કર્યો.

રાજય અને જિલ્લા કક્ષાએ અનેક સરકારી વિભાગો, સરકારી તેમજ ખાનગી મીડિયા, જાહેર સાહસો, ઉદ્યોગગૃહો, સરકારી મંડળી, નહેરૂ યુવા કેન્દ્ર, એનએસએસ, રેસીડેન્ટ વેલ્ફેર એસો., સિવીલ સોસાયટી, સંગઠનો, નેશનલ લીટરસી મિશન વગેરેનાં સક્રિય સહયોગમાં રહીને તેમના મારફતે મતદાર જાગૃતિનાં અનેકવિધ સંદેશાઓ મતદારોનાં વિવિધ વર્ગો સુધી પહોંચાડવામાં આવ્યા છે અને તે સતત ચાલતી પ્રક્રિયા છે. મતદાર જાગૃતિ અંગે જિલ્લા કક્ષાએ લેવાયેલા અનેકવિધ પગલાઓ પૈકી કેટલીક બાબતો ઉડીને આંખે વળગે એવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અગરીયાઓ દ્વારા મીઠા ઉપર મતદાન માટેની પ્રતિજ્ઞા, નર્મદા જિલ્લામાં વિવિધ સ્પોર્ટસ ઈવેન્ટ, છોટા ઉદેપુરમાં મતદારોની સાંજ કલેકટરની સાથે, રાજકોટમાં રાત્રે શેરી નાટકો અને લગભગ તમામ જિલ્લાઓમાં ૧૦૦ વર્ષથી વધુ વયના વડીલો દ્વારા મતદાન માટેની અપીલના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

આ વખતે ચૂંટણઓમાં ભારતનાં ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે NOTA (નોટા) ની જોગવાઈ કરવામાં આવી છે. NOTA નોટા અર્થાત None of the above- જેને ગુજરાતીમાં અર્થ ઉપરનાં પૈકી કોઈ નહીં. એમ થાય. ઈવીએમ મશીનમાં ઉમેદવારોની યાદી પૂરી થાય તેના પછી તરત પછીનાં ક્રમ ઉપર NOTA નું બટન રાખવામાં આવ્યું છે. જે મતદારને ઈવીએમમાં દર્શાવેલ ઉમેદવારો પૈકી કોઈપણ ઉમેદવારને મત આપવો યોગ્ય ન લાગે તો ઉપરના પૈકી કોઈ નહીં NOTA નું બટન દબાવીને પોતાનો મત આપી શકે છે. NOTA નાં બટન દ્વારા આપવામાં આવેલા મતની ગણતરી કુલ મતાદનમાં થશે. NOTA નાં આ નવતર પ્રયોગને મતદારો સુધી પહોંચાડવા માટે દૈનિક વર્તમાન પત્રો, આકાશવાણી, દૂરદર્શન, પોસ્ટર, હોર્ડીંગ્સ, સ્ટેટ આઈકોન દ્વારા જાણકારી આપતી કવીકી દ્વારા મતદારોને અવગત કરવામાં આવી રહ્યાં છે.

લોકશાહીમાં પ્રત્યેક મતનું મૂલ્ય છે. કોઈપણ મતદારે એવું ન સમજવું જોઈએ કે એના એક મતથી શો ફેર પડે છે? એક બુંદથી સાગર બને છે, રેતના એક કણથી અફાટ રણ બને છે અને એક એક મતથી જ લોકશાહીની ધરોહર મજબૂત બને છે. આપનો મત કિંમતી છે એને સમજો અને આપની આસપાસના આ ન સમજી શકતા મતદારોને એ સમજાવો. માત્ર મતદાન માટે જ ન સમજાવો, કોઈ પણ લોભ-લાલચ કે કોઈની પણ શેહ-શરમમાં આવ્યા વગર નિર્ભયતાથી નૈતિક મુલ્યોવાળું મતદાન કરવા સમજાવો. ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે ગુજરાતમાં મતદારો નૈતિક મૂલ્યો સાથે મતદાનની પવિત્ર ફર અદા કરે એ માટે વિવિધ રચનાત્મક દૃષ્ટિકોણ અપનાવી મતદાર જાગૃતિના અનેક નવતર કદમ ઉઠાવ્યા છે. એમની અને રાજયના ચૂંટણી તંત્રની મતદાર જાગૃતિની જબરજસ્ત મહેનતને પરિણામલક્ષી બનાવવા માટે આગામી ૩૦ એપ્રિલ, ૨૦૧૪ બુધવારના રોજ મતદાન માટે આજે જ સંકલ્પબદ્ધ બનો. તમારો મત તમારી તાકાત...